# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-01-2026 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## દિનદયાળ પોર્ટ કંડલા:

દીનદયાલ પોર્ટ ઓથોરિટી કંડલાએ કાર્ગો પરિવહન માટે સ્વદેશી ટેકનોલોજીના ક્ષેત્રમાં મોટી સિદ્ધિ હાંસલ કરી છે.

પોર્ટ દ્વારા લિનિયર ઈન્ડક્શન મોટર પોડનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે, જેનાથી હવે આગામી સમયમાં મેગ્નેટિક લેવિટેશન ટેકનોલોજી પર કામ શરૂ કરવામાં આવશે. આવી અદ્યતન ટેકનોલોજી અપનાવનાર કંડલા દેશનું પ્રથમ પોર્ટ બન્યું છે. મેગલેવ ટેકનોલોજીથી નિભાવ ખર્ચમાં ઘટાડો થશે અને કાર્ગો હેરફેરની ઝડપ વધશે. આ સંપૂર્ણ સ્વદેશી ટેકનોલોજી હોવાથી વિદેશી નિર્ભરતા ઘટશે તેમ પોર્ટ પ્રશાસન દ્વારા જણાવવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, દેશના અગ્રણી મેજર પોર્ટ પૈકીના એક એવા દીનદયાળ પોર્ટ ઓથોરિટી કંડલાએ ચાલુ નાણાકીય વર્ષ 2025-26 માં અત્યાર સુધીનું સૌથી ઝડપી 125 મિલિયન મેટ્રિક ટન કાર્ગો હેન્ડલિંગ પૂર્ણ કરીને પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે.

---

## JEE પરીક્ષા:

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી દ્વારા સંયુક્ત પ્રવેશ પરીક્ષા -JEE આવતીકાલ ૨૧ મી જાન્યુઆરીથી થી ૨૯ મી જાન્યુઆરી દરમ્યાન યોજાશે. ભુજમાં કચ્છ યુનિવર્સિટી ખાતે JEE ની પરીક્ષા યોજાશે.

આ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રના સ્થળ તથા તેની આજુબાજુના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ નિકુંજ પરીખ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ ની કલમ ૧૬૩ મુજબ પ્રતિબંધાત્મક હુકમો જારી કરાયા છે.

જાહેરનામા મુજબ ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર સાયન્સ, ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી કેમ્પસ પરીક્ષા કેન્દ્રની આસપાસ ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઇપણ માર્ગ ઉપર ચોકમાં કે ગલીમાં પાંચ કરતા વધારે લોકોએ એકઠા ન થવા, સરઘસો ન કાઢવા તેમજ સૂત્રો ન પોકારવા જણાવવામાં આવ્યું છે. પરીક્ષા કેન્દ્રની આસપાસના ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોપીઈંગ મશીન દ્વારા કોપીઓ કરવાનો વ્યવસાય કરતા ધંધાર્થીઓએ કોપીઈંગ મશીનો ન ચલાવવા કે કોઇપણ પત્રો, દસ્તાવેજો કે કાગળોની નકલો ન કરવા આદેશ કરાયો છે.

આ પ્રતિબંધો આવતીકાલે સવારે ૬ વાગ્યાથી ૨૯ મીએ રાત્રે ૮ વાગ્યા સુધી અમલમાં રહેશે.

---

## કચ્છ યુનિવર્સિટી:

કચ્છ યુનિવર્સિટી ખાતે વિશ્લેષણાત્મક ઉપકરણો વિષય પર છ દિવસીય વર્કશોપનું આયોજન કરાયું છે. આ વર્કશોપનો ઉદ્દેશ વિદ્યાર્થીઓ, સંશોધકો અને અધ્યાપકોને આધુનિક વિશ્લેષણાત્મક તકનીકોનું સૈદ્ધાંતિક તેમજ પ્રાયોગિક જ્ઞાન પ્રદાન કરવાનો છે. આ વર્કશોપમાં કેમિસ્ટ્રી, લાઇફ સાયન્સ, જિઓ સાયન્સ સહિતના વિષયોના પીએચડી સંશોધકો, રિસર્ચ સ્કોલર્સ સહીત દોઢસોથી વધુ વિદ્યાર્થીઓ તેમજ પ્રોફેસરો ભાગ લઇ રહ્યા છે.

આ કાર્યશાળામાં દિલ્હી, અમદાવાદ, ચેન્નાઈ અને કોલકત્તા સહિતના શહેરોમાંથી વિવિધ ખાનગી એકમોના પ્રતિનિધિઓ પણ જોડાયા છે.

---

## રાપર બાલાસર પોલીસ:

રાપર તાલુકાની બાલાસર પોલીસે સરહદી વાગડના ગ્રામ્ય વિસ્તારોમાં લોક જાગૃતિ લાવવા માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં 300 મહિલાઓનું એનિમિયા માટે રક્ત પરીક્ષણ કરવામાં આવ્યું હતું, આ ઉપરાંત, મહિલાઓને સાયબર ક્રાઈમ અંગે જાગૃત કરવામાં

આવ્યા હતા. વિવિધ સાયબર ફ્રોડ અને સાયબર હેલ્પલાઈન નંબર 1930 વિશે સમજણ આપવામાં આવી હતી.

આની સાથે સાથે રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ 2026 અંતર્ગત રોડ સેફ્ટી અને ટ્રાફિક જાગૃતિ માટે પણ કાર્યક્રમ યોજાયો હતો. લોકોને વાહન ચલાવતી વખતે ટ્રાફિક નિયમોનું પાલન કરવા અને દ્વિચક્રી વાહન પર ફરજિયાત હેલ્મેટ પહેરવા અંગે સમજાવવામાં આવ્યું હતું. આ પહેલના ભાગરૂપે 300 જેટલા બાઈક ચાલકોને મફત હેલ્મેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

---

## અશ્વ દોડ સ્પર્ધા:

કચ્છ અશ્વપાલક ગ્રુપ દ્વારા વેકરિયાનાં રણમાં યોજાયેલા ત્રણ દિવસીય અશ્વ દોડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી રેવાલ, નાની રેવાલ, રાઉન્ડ રેસ, ગેલ્ફ દોડ સહિતની છ જાતની ઘોડા દોડમાં વિવિધ નસલના 250 ઘોડાએ ભાગ લીધો હતો. તમામ વિજેતા અશ્વસવારોને ઇનામો આપી સન્માનિત કરાયા હતા.

મુખ્ય દોડમાં મહત્ત્વની રેવાલ ચાલ સ્પર્ધામાં કચ્છની ઝમકુ નામની ઘોડીએ પ્રથમ ક્રમાંકે આવીને મેદાન માર્યું હતું. આ પ્રસંગે સાંસદ વિનોદભાઇ ચાવડાએ કહ્યું કે, આગામી સમયમાં ખાસ મંડળીની રચના કરી ઘોડા ઉછેરને વિશેષ મહત્ત્વ મળી રહે તે માટે રાજ્યના પશુપાલન મંત્રીને ભલામણ કરાશે. કાર્યક્રમમાં વિવિધ અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપરાંત મોટી સંખ્યામાં દર્શકો ઊમટયા હતા. ભાતીગળ વસ્ત્રોમાં સજ્જ થયેલા લોકોની ઉપસ્થિતિથી કચ્છીયતનો અનોખો માહોલ છવાયો હતો.

---

## વ્હાલી દિકરી યોજના:

જિલ્લામાં વધુમાં વધુ દીકરીઓને રાજ્ય સરકારની "વ્હાલી દીકરી" યોજનાના લાભ મળી રહે તે માટે ખાસ ઝુંબેશનું આયોજન કરવમાં આવ્યું છે. આ યોજનાનો લાભ લેવા માટે સંબંધીત મામલતદાર કચેરી ખાતે વિધવા સહાયની કામગીરી સંભાળતા ઑપરેટર તેમજ ગ્રામ્ય કક્ષાએ વિ.સી.ઈ પાસેથી અરજી-ફોર્મ મેળવી શકાશે. અરજદાર પોતે પણ emahilakalyan.guj.gov.in વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરી શકશે.

ઉલ્લેખનીય છે કે, દીકરીઓના જન્મને પ્રોત્સાહન આપવા, સ્ત્રીભૃણ હત્યા અટકાવવા, સ્ત્રી શિક્ષણના દરમાં વધારો કરવા તેમજ સમાજમાં સ્ત્રીના સ્થાનને વધુ મજબૂત બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૯ થી "વ્હાલી દીકરી" યોજના અમલમાં મુકવામાં આવી છે. યોજના અંતર્ગત પ્રથમ ત્રણ સંતાનો પૈકીની દીકરીઓને લાભ મળવાપાત્ર છે. આ માટે દીકરીના જન્મથી એક વર્ષની અંદર અરજી કરવાની રહે છે. આ યોજના અંતર્ગત લાભાર્થી દીકરીને કુલ રકમ રૂપિયા ૧,૧૦,૦૦૦ ની સહાય ત્રણ હપ્તામાં આપવામાં આવે છે.

---

## ગાંધીધામ મહાનગર પાલિકા:

ગાંધીધામ મહાનગરપાલિકાના કમિશનર મનીષ ગુરવાની દ્વારા શહેરના પશ્ચિમ ઝોન વિસ્તારના વિવિધ વોર્ડ તેમજ જુદી જુદી સોસાયટીઓમાં સફાઈ કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ કામગીરી ખુબ જ સારી રીતે અને ઝડપી થાય તથા લોકો ને સાફ સફાઈની પુરતી સુવિધા પ્રાપ્ત થાય તે માટે તેમણે કર્મચારીઓને સુચનાઓ આપી હતી.

---